BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બીહાઈવ બ્રૅમ્પટન (BHive Brampton) નો પ્રારંભ થયો જે આગલી પેઢીના ઈનોવેટર્સનું સશક્તિકરણ કરશે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (21 મે 2021) – ગઈકાલે સીટી ઓફ બ્રૅમ્પટન દ્વારા બીહાઈવ બ્રૅમ્પટન (BHive Brampton)નું વર્ચુઅલ લોકાર્પણ થયું, જે બ્રૅમ્પટનના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં આંતરરાષ્ટ્રીય સાહસિકો માટે સોફ્ટ લૅન્ડિંગ પૅડનું કાર્ય કરશે.

બીહાઈવ (BHive) સીટી ઓફ બ્રૅમ્પટનની એવી પહેલ છે જેનું લક્ષ્ય નવપ્રવર્તકો એટલેકે ઈનોવેટરોની આગલી પેઢીનું સશક્તિકરણ કરવાનું છે, જે તેમની યાત્રાને ગતિ આપશે અને સાહસિક માટે તેમજ એકંદરે અર્થતંત્ર અને સમાજ માટે સકારાત્મક પ્રભાવ ઊભો કરશે. તે ટોરોન્ટો બિઝનેસ ડેવેલપમેન્ટ સેંટર (Toronto Business Development Centre)ના સહયોગથી પ્રસ્થાપિત થયું છે, બીહાઈવ (Bhive) વિદેશી ઉદ્યમીઓને આકર્ષવા માટે અભિપ્રેત છે જેમની કૅનેડામાં નવા, અને પરિમાણ વધારવાની સંભાવના ધરાવતા વ્યવસાયો સ્ટાર્ટ-અપ વિઝા મારફતે સ્થાપવાની ઈચ્છા રાખતા હોય. સફળ અરજદારોને પરમેનન્ટ રેસિડન્સી આપવામાં આવશે અને તેમના 6-માસના ઈન્ક્યુબેશન પ્રોગ્રામ દરમિયાન સંસાધનોની આખી શ્રેણી પ્રદાન કરાશે જેમકે ઓફિસની જગ્યા, નેટવર્ક કરવાની તકો તેમજ વ્યાપાર સમર્થન સેવાઓ. સાહસિકો અહીં અરજી કરી શકશે.

સિટીના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટનો નિરંતર વિકાસ તેમના આર્થિક પુનર્જીવન વ્યુહનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે અને તે શહેરને COVID-19ની મહામારીના પ્રભાવોમાંથી આગળ ધપવામાં સહાય કરશે. બીહાઈવ (BHive) બ્રૅમ્પટન ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં સ્થિત સંખ્યાબંધ સાહસિકો માટેના, વ્યાપારિક ઈન્ક્યુબેશન અને એક્સેલરેટર સ્થાનો સાથે જોડાય છે, જેમાં સામેલ છે બ્રૅમ્પટન આંત્રપ્રુન્યોર સેંટર, રાયેરસન દ્વારા દોરાયેલ ઈનોવેશન ઝોન, રિસર્ચ ઈનોવેશન કમર્શિયલાઈઝેશન (RIC) સેંટર, ફાઉન્ડર ઈન્સ્ટિટ્યુટ, સાયબર સિક્યોરિટી એક્સેલરેટર, રોજર્સ સાયબરક્યોર કૅટેલિસ્ટ (Rogers Cyberecure Catalyst)ના નેતૃત્વ હેઠળની કૅટેલિસ્ટ સાયબર રેન્જ (Catalyst Cyber Range) અને રાયેરસનનું DMZ. ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ ઊભું કરવા માટે બ્રૅમ્પટન બોર્ડ ઓફ ટ્રેડ અને ડાઉનટાઉન બ્રૅમ્પટન BIA પણ મહત્ત્વપૂર્ણ ભાગીદારો છે.

બીહાઈવ (Bhive) વિશે અહીં વધુ જાણકારી મેળવો. સિટીના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ વિશે અહીં વધુ જાણકારી મેળવો.

**સુવાક્યો**

"બ્રૅમ્પટન તકોનું શહેર છે અને અમે જ્યારે બીહાઈવ (Bhive)નું લોકાર્પણ કરી રહ્યા છીએ ત્યારે અમે એવી ઈકોસિસ્ટમ બનાવવાનું ચાલુ રાખ્યું છે જ્યાં સાહસિકો કંપનીઓ અને ઉત્પાદો અંગેના વિચારોનું ઘડતર કરી શકે છે, પ્રતિભાશીલ લોકોને રોકી શકે છે, નિવેશ ઊભું કરી શકે છે અને પોતાની કંપનીના પરિમાણો વિસ્તારી શકે છે અને આ બધું જ અમારા ઈનોવેશન ડિસ્ટ્રિક્ટની બહાર પગલું ભર્યા વિના. બ્રૅમ્પટન સાચે જ

ઈનોવેશનનો આગેવાન બનવાના પથ પર છે. હું સફળતાઓની કથાઓને આકાર લેતી જોવા માટે ઉત્સુક છું જેની શુભ શરૂઆત બીહાઈવ (Bhive) અને અમારા ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાંથી થશે."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"બ્રૅમ્પટન ઈનોવેશનના આગેવાન બનવાના પથ પર છે અને ભવિષ્ય માટે રોજગાર ઊભો કરી રહ્યું છે. અમારા વિસ્તરતા ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં બીહાઈવ (Bhive)ને આવકારીને અમે એક સ્ટાર્ટ-અપ સમુદાય કેળવવાની અમારી ક્ષમતાને મજબૂત બનાવી રહ્યા છીએ, સ્થાનિક પ્રતિભાઓનો વિકાસ કરીએ છીએ અને સાહસિકોને તેમની યાત્રાના દરેક તબક્કે સમર્થન પૂરું પાડીએ છીએ. અમે આપણા સમાજમાં નવા વ્યવસાયોને આવકારવા અને તેમનો વિકાસ થતો જોવા ઉત્સુક છીએ.

*- માર્ટિન મેડિરોસ (Martin Medeiros), રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 3 & 4; પ્રમુખ, ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર: સીટી ઓફ બ્રૅમ્પટન.*

બ્રૅમ્પટનના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટનો નિરંતર વિકાસ તેમના આર્થિક પુનર્જીવન વ્યુહનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે અને તે શહેરને COVID-19ની મહામારીના પ્રભાવોમાંથી આગળ ધપવામાં સહાય કરશે. ઈનોવેશન અને ટેકનોલોજીના ક્ષેત્ર આર્થિક સ્થિતિસ્થાપકતા સ્થાપવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. બીહાઈવ (Bhive) ઈનોવેટરોની આગલી પેઢીનું સશક્તિકરણ કરતું હોવાથી તે એકંદરે અર્થતંત્ર અને સમાજ માટે સકારાત્મક પ્રભાવ પાડશે.

*- પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 1 & 5; ઉપ પ્રમુખ, ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર: સીટી ઓફ બ્રૅમ્પટન.*

"બ્રૅમ્પટનની વધતી જતી ઈનોવેશનની ઈકોસિસ્ટમ અમારા કર્મચારીગણની એવા ઈનોવેશન ડિસ્ટ્રિક્ટનું સર્જન કરવામાં તેઓની પ્રતિબદ્ધતા દર્શાવે છે જેથી શ્રેષ્ઠત્તમ ભાગીદારો એક મેજ પર આવી શકે. બીહાઈવ (Bhive)ના લોકાર્પણથી અમે ટોરોન્ટો બિઝનેસ ડેવેલપમેન્ટ સેંટરનું નૈપુણ્ય સીધું અમારા ઈનોવેશન સેંટર ખાતે લાવી શક્યા છીએ જેથી વધુને વધુ સહયોગની તકો, ભાગીદારીઓ અને ઈનોવેશન દરેક ઉદ્યોગમાં આવી શકે.

*- ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સિટી ઓફ બ્રૅમ્પટન*

"અમને સીટી ઓફ બ્રૅમ્પટનના હાલમાં લોકાર્પણ થયેલ ઈનોવેશન ડિસ્ટ્રિક્ટનો ભાગ હોવાનું ગૌરવ છે જેઓ પ્રદેશની ટોચની શૈક્ષણિક સંસ્થાઓ અને દૂરદ્રષ્ટી ધરાવતા સમાજના અગ્રણીઓ સાથે મળીને સાહસિકો સાથે મૈત્રીપૂર્ણ હોય એવી ઈકોસિસ્ટમનું સર્જન કરી રહ્યા છે. બીહાઈવ (BHive) અનુભવી નવોદિત સાહસિકોને લાવવા માંગે છે અને તેમને આવીને વિસ્તરવામાં મદદરૂપ થવા માંગે છે. નવા ઉદ્યમીઓમાં અમે કરેલ રોકાણ ભાવિ વ્યવસાયો માટે લાભદાયી ઠરશે તેમજ કૅનેડાની ઈનોવેશન ઈકોસિસ્ટમના એકંદર વિકાસમાં સહાય કરશે."

*- વિક્રમ ખુરાના, CEO, બ્રૅમ્પટન બીહાઈવ (Brampton BHive).*

“એક સ્વસ્થ ઈકોસિસ્ટમની ચાવી એટલે પર-પરાગાધાન છે જે ક્રોસ પોલિનેશન તરીકે ઓળખાય છે અને વિવિધ પૃષ્ઠભૂ અને કૌશલ્ય ધરાવતા લોકોને ભેગા કરવાથી અમે માત્ર બીહાઈવ (Bhive)ને જ મજબૂત નથી બનાવતા પરંતુ ઈનોવેશન ઈકોસિસ્ટમનો વિકાસ કરીએ છીએ. નવોદિત ઉદ્યમીઓ માટે વિશ્વ સ્તરનું પ્રોગ્રામિંગ પૂરું પાડવાના TBDCના નૈપુણ્ય સાથે અનુરૂપ થવા, અમે તે શેર કરેલ અનુભવો લાવવા અને બીહાઈવ (Bhive)ને ઈનોવેશનના ક્ષેત્રમાં વધુ ઉજ્જવળ ભવિષ્ય બનાવવામાં મદદરૂપ થવા ઉત્સુક છીએ જે પ્રદેશમાં અને એકંદરે કૅનેડામાં નોંધપાત્ર યોગદાન આપે છે.

*- સોબી રઘુનાથન, બોર્ડ સભ્ય, ટોરોન્ટો બિઝનેસ ડેવેલપમેન્ટ સેંટર (Toronto Business Development Centre); સિનિયર કમ્પ્લાયન્સ પાર્ટનર,, 4S કન્સલટિંગ સર્વિસિસ ઈન્ક.*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca